નં.જિપં/મકમ–૮/જાહેરાત/૨૦૧૬–૧૭/ ૬૨ /૧૭

જિલ્લા પંચાયત કાર્યાલય
જૂનાગઢ, તા. ૨૦ /૦૧/૧૭

પ્રતિ,
નાયબ માહિતી નિયામકશ્રી
માહિતી ખાતું,
જૂનાગઢ

**વિષયઃ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિની ટુંકીં જાહેર નિવિદા પ્રસિધ્ધ કરવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ જૂનાગઢની જાહેરાત આ સાથે સામેલ રાખી આપને મોકલવામાં આવે છે. જે જાહેરાત બહોળી પ્રસિધ્ધી ધરાવતા રાજકોટ તથા અમદાવાદથી પ્રસિધ્ધ થતાં કોઈ પણ એક દૈનિક વર્તમાન સંયુકત પેપરમાં તા. ૨૪/૦૧/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરાવી આપવા વિનંતી છે.

સચિવ
જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ
અને
નાયબ જિલ્લા વિકાસ અધિકારી
(મહેકમ) જિ.પં.જૂનાગઢ

બીડાણઃ ટુંકી જાહેરાત ૪ નકલમાં

<u>નકલ સવિનય સાથ રવાના</u> :–
સચિવશ્રી,
ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,
સી–બ્લોક, પહેલો માળ, બહુમાળી ભવન
સરકારી વસાહતની બાજુમાં, વસ્ત્રાપુર,
અમદાવાદ– ૩૮૦૦૫૨

## જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ જૂનાગઢ

### સ્પર્ધાત્મક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની જાહેરાત

જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ જૂનાગઢ ધ્વારા આગામી ફેબ્રુઆરી-૨૦૧૭ માસમાં જાહેરાત ક્રમાંકઃ DPSSC12/૨૦૧૬-૨૦૧૭/૧ થી ૫/૨૦૧૬-૧૭ ની વિવિધ સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવનાર છે. આ પરીક્ષા માટે જે તે સંવર્ગની સામે દર્શાવ્યા મુજબના સમયગાળા દરમ્યાન પોતાના **પ્રવેશપત્ર-કમ-હાજરીપત્રક (કોલલેટર/હોલ ટીકીટ)** અને તેની સાથેની ઉમેદવારો માટેની સુચનાઓ ઓજસ વેબસાઇટ https://ojas.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી મેળવી લેવા સંબધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનુ નામ | પરીક્ષાની તારીખ | પરીક્ષાનો સમય | કોલલેટર/હોલટીકીટ/પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાનો સમયગાળો | |
|---|---|---|---|---|
| | | | From | To |
| DPSSC૧૨/૨૦૧૬-૧૭/૨ તલાટી કમ મંત્રી | તા.૧૨-૨-૨૦૧૭ રવિવાર | ૧૧.૦૦ થી ૧૨.૦૦ | ૨૫-૧-૨૦૧૭ ૧૫.૦૦ | ૧૨-૨-૨૦૧૭ ૧૧.૦૦ |
| DPSSC૧૨/૨૦૧૬- ૧૭/3 મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુ) | તા.૧૨-૨-૨૦૧૭ રવિવાર | ૧૫.૦૦ થી ૧૬.૦૦ | ૨-૨-૨૦૧૭ ૧૫.૦૦ | ૧૨-૨-૨૦૧૭ ૧૫.૦૦ |
| DPSSC૧૨/૨૦૧૬- ૧૭/૫ ગ્રામસેવક | તા.૧૮-૨-૨૦૧૭ શનિવાર | ૧૬.૦૦ થી ૧૭.૦૦ | ૮-૨-૨૦૧૭ ૧૫.૦૦ | ૧૮-૨-૨૦૧૭ ૧૬.૦૦ |
| DPSSC૧૨/૨૦૧૬- ૧૭/૧ જુનીયર કલાર્ક | તા.૧૯-૨-૨૦૧૭ રવિવાર | ૧૧.૦૦ થી ૧૨.૦૦ | ૧-૨-૨૦૧૭ ૧૫.૦૦ | ૧૯-૨-૨૦૧૭ ૧૧.૦૦ |
| DPSSC૧૨/૨૦૧૬- ૧૭/૪ ફિમેલ હેલ્થ વર્કર (સ્ત્રી) | તા.૧૯-૨-૨૦૧૭ રવિવાર | ૧૫.૦૦ થી ૧૬.૦૦ | ૯-૨-૨૦૧૭ ૧૫.૦૦ | ૧૯-૨-૨૦૧૭ ૧૫.૦૦ |

ઉકત સંવર્ગની લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ સંબધિત પુછપરછ અંગે સમિતિના કંટ્રોલ રૂમના ફોન નંબર **૦૨૮૫-૨૬૩૬૦૩૨** ઉપર કચેરી સમય ( ૧૦.૩૦ થી ૧૮.૧૦ સુધી) દરમ્યાન (જાહેર રજા સિવાય) કરી શકાશે.

જનરલ કેટેગરીના ઉમેદવારો જેમણે પોસ્ટ ઓફીસમાં ફી ભરેલ હોય, તેમ છતાં કોઇ કારણસર કોલલેટર ડાઉનલોડ ન થતો હોય તેવા ઉમેદવારોએ પરીક્ષા ફી ભર્યાના ચલણની અસલ નકલ અને ઓનલાઇન અરજીની પ્રિન્ટ સાથે જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ જૂનાગઢની કચેરી ખાતે જે તે **પરીક્ષાની તારીખ થી પાંચ દિવસ અગાઉ** રૂબરૂ સંપર્ક કરવો.

**ખાસ સુચના**

ઉમેદવારોને તથા વાલીઓને અનુરોધ કરવામાં આવે છે કે, પરીક્ષા સબંધી નાણાંની માંગણી કરતા લેભાગુ તત્વોની વાતોમાં ફસાઇ ના જાય અને આવી બાબત ધ્યાને આવે તો તેઓ સામે પોલીસ કાર્યવાહી કરે તેવી વિનંતી છે.

સ્થળ-
જિલ્લા પંચાયત કચેરી,
શશીકુંજ તાલીમ કેન્દ્ર સામે, જૂનાગઢ
તા. /૦૧/૨૦૧૭

સચિવ
જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ
જૂનાગઢ

સચિવ,
જીલ્લા પંચાયત સેવા
પસંદગી સમિતિ, જૂનાગઢ